## પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2025** **Evening : 7.10 to 7.15 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધન કરશે.
2. 79મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રજાજોગ સંદેશમાં રાજ્યના નાગરિકોને રાષ્ટ્રહિત પ્રથમનું આહ્વાન કર્યું.
3. રાજ્ય પોલીસ દળના 23 પોલીસ અધિકારી-કર્મચારીઓને રાષ્ટ્રપતિનાં ચંદ્રક જાહેર કરાયા
4. રાજ્યમાંથી 30 શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' જાહેર
5. દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

### PRESIDENT ADRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધન સાંજે 7 વાગ્યાથી આકાશવાણીના તમામ રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત કરવામાં આવશે, અને તમામ દૂરદર્શન ચેનલો પર હિન્દી અને અંગ્રેજીમાં પ્રસારિત થશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધન પ્રસારિત થયા પછી, તે દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારિત કરવામાં

આવશે. આકાશવાણી રાત્રે 9.30 વાગ્યાથી પ્રાદેશિક નેટવર્ક પર પ્રાદેશિક ભાષાઓમાં તેનું પ્રસારણ કરશે.

. . . . . . . . . . . . . .

**CM ADDRESS**

79મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રજાજોગ સંદેશમાં રાજ્યના નાગરિકોને રાષ્ટ્રહિત પ્રથમનું આહ્વાન કર્યું. શ્રી પટેલે કહ્યું, દરેક ગામ અને શહેરોમાં હર ઘર તિરંગા અભિયાનથી જનજનમાં રાષ્ટ્રહિત પ્રબળ બન્યું છે. આજે ભારત વિકાસની હરણફાળ ભરીને વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામવા માટે સક્ષમ છે, તેમ જણાવી શ્રી પટેલે આઝાદીનું વટવૃક્ષ સિંચનારા દેશના ક્રાંતિવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર પુરુષોના ત્યાગ, તપસ્યા અને બલિદાનને બિરદાવ્યા. તેમણે જણાવ્યુ, હવે નગરો-ગામો પણ આગામી દિવસોમાં પ્રાદેશિક વાઇબ્રન્ટ સમિટ શરૂ કરાશે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે કહ્યું, કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રથી વેપાર ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર, એમ દરેક ક્ષેત્રોમાં સૌને ઉડીને આંખે વળગે તેવો વિકાસ ગુજરાતે કર્યો છે. તેમણે વિકસિત ભારત 2047 માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં તન, મન અને ધનથી સમર્પિત રહેવા નાગરિકોને અનુરોધ કર્યો.

-------------

**INDEPENDENCE DAY DELHI**

સમગ્ર દેશ આવતીકાલે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીમાં લાલ કિલ્લાની પ્રાચિર પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવી

રાષ્ટ્રને સંબોધિત કરશે. વર્ષ 2047 સુધી વિકસિત ભારતના સરકારના લક્ષ્યાંકને સુસંગત આ વર્ષે સ્વતંત્રતા દિવસ સમારોહનો વિષય "નયા ભારત" છે. નાગરિકોમાં દેશભક્તિની ભાવનાને જગાડવા અને ઑપરેશન સિંદૂરના વિજયની ઉજવણી કરવા સ્વતંત્રતા દિવસ સમારોહની સાંજે પહેલી વાર દેશભરમાં અનેક બૅન્ડ પ્રસ્તૂતિ રજૂ કરાશે. સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં એક મહિલા સરપંચ સહિત રાજ્યના ત્રણ સરપંચ પણ વિશેષ અતિથિ ઉપસ્થિત રહેશે.

-------------

**STATE LEVEL INDEPENDENCE DAY**

પોરબંદરમાં રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અગાઉ આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં એટ હોમ કાર્યક્રમ યોજાયો, જેમાં કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા પણ ઉપસ્થિત રહ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વમાં ધ્વજવંદન કરશે. દરમિયાન વિવિધ જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી તૈયારીઓ પૂર્ણ થઈ છે. ત્યારે આવતીકાલે નાણાં મંત્રી કનુ દેસાઈ નવસારી ખાતે ધ્વજવંદન કરશે, જ્યારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાબરકાંઠામાં જિલ્લા કક્ષાની ઉજવણીમાં ભાગ લેશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલ જામનગર ખાતે જ્યારે રાજકોટમાં યોજાનાર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા ઉપસ્થિત રહેશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગર ખાતે ધ્વજવંદન કરશે. આ સિવાય વિવિધ જિલ્લામાં કલેક્ટરની અધ્યક્ષતામાં ધ્વજવંદન સમારોહ યોજાશે.

-------------

**PRESIDENT MEDAL**

સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે રાષ્ટ્રપતિ ચંદ્રકોની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય પોલીસ દળના 23 પોલીસ અધિકારી-કર્મચારીઓને રાષ્ટ્રપતિનાં ચંદ્રક જાહેર કરાયા છે. તેમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો-ACBના નિયામક IPS પિયુષ પટેલ, ઇંટેલિજન્સના ADGP મુકેશ સોલંકીને વિશિષ્ટ સેવા અંગેના ચંદ્રક જાહેર કરાયા. જ્યારે અમદાવાદ શહેર ગુના શાખાના JCP શરદ સિંઘલ, સુરત સેક્ટર-2ના JCP કે.એન.ડામોર અને સુરત શહેર ઝોન-5ના ACP આર.પી બારોટ સહિત 21 અધિકારી-કર્મચારીને પ્રશંસનીય સેવા અંગેના ચંદ્રકો જાહેર કરાયા.

-------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## TEACHER AWARDS

રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2025 માટેના 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' જાહેર કરાયા છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ અંતર્ગત રાજ્યમાંથી કુલ 30 શિક્ષકોની પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. તેમાં સૌરાષ્ટ્રમાંથી 9 શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જ્યારે

દક્ષિણ ઝોનમાંથી 5, ઉત્તર અને મધ્ય ઝોનમાંથી 8-8 શિક્ષકને 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' જાહેર કરાયા છે.

ઉલ્લેખનીય છે રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરના શિક્ષકોની કામગીરીને બિરદાવવા માટે દર વર્ષે ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક’ આપીને તેમનું સન્માન કરવામાં આવે છે.

-------------

**VIBHAJAN VIBHISHIKA**

વર્ષ 1947માં ભારતના ભાગલા દરમિયાન પીડિતો અને લોકોની પીડાઓની યાદ અપાવતો આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ છે. 1947માં ભાગલા દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપનાર અને પીડા સહન કરનારની સ્મૃતિમાં આ દિવસ મનાવવામાં આવે છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ભાજપ દ્વારા વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ નિમિતે પ્રદર્શની, સફાઈ અભિયાન, મૌન રેલી તથા સ્વચ્છતાને લઈ શપથ ગ્રહણ કરવામાં આવ્યા.

-------------

**HAR GHAR TIRANGA YATRA - OVERALL**

હવે હર ઘર તિરંગાના સમાચાર

(તિરંગા ટ્યુન)

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત રાજભવન સ્થિત તેમના નિવાસસ્થાને ત્રિરંગો લહેરાવ્યો. રાજ્યપાલે નાગરિકોને સ્વતંત્રતા દિવસ પર તેમના ઘરો, સંસ્થાઓ અને કાર્યસ્થળો પર ત્રિરંગો ફરકાવવા અને દેશની આન, બાન અને શાનનું ગૌરવ લેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, ત્રિરંગો ફક્ત ધ્વજ નહીં, પરંતુ આપણા સ્વતંત્રતા સંગ્રામ, બહાદુરોના બલિદાન અને રાષ્ટ્રીય એકતાનું અમર પ્રતીક છે.

નવસારીમાં જળ શકિત મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. યાત્રા દરમિયાન દેશભક્તિને લગતા નારાઓથી દેશભક્તિપૂર્ણ માહોલ સર્જાયો હતો.

(બાઇટ - જળ શકિત મંત્રી સી.આર.પાટીલ)

વાપી શહેર અને પારડી ખાતે યોજાયેલ તિરંગા યાત્રાને નાણાંમંત્રી કનુ દેસાઈએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું.

અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે પણ તિરંગા યાત્રા યોજાઈ હતી. 75 ફૂટના તિરંગા સાથે નીકળેલી આ તિરંગા યાત્રામાં 3 હજાર જેટલા વિદ્યાર્થિઓ ઉત્સાહભેર જોડાયા હતા. .

...2..

..2..HAR GHAR TIRANGA

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર, ભારતીય માનક બ્યુરો અમદાવાદ અને કેન્દ્રીય વિધાલય પાટણ દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત ભવ્ય રેલી યોજાઇ ગઇ.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં દાદરા પ્રશાસક પ્રફુલ પટેલની ઉપસ્થિતિમાં 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરવામાં આવી. વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક અને દેશભક્તિના કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. તો ગોધરાની સાર્વજનિક કોમર્સ કોલેજ ખાતે તિરંગા રેલી યોજાઇ જેમાં કોલેજના આચાર્ય, શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે ‘હર ઘર તિરંગા–હર ઘર સ્વચ્છતા’ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી કુલ મળીને 26 લાખથી વધુ નાગરિકો જનભાગીદારીથી જોડાયા.

-------------

**WEATHER FORECAST**

દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી છે. જ્યારે આવતીકાલે દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉત્તર, પૂર્વ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 17 ઓગસ્ટથી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે. દરમિયાન 30થી 40 કિલોમીટર પવન ફૂંકવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યુ.

-------------